સત્યમેવ જયતે
GOVERNMENT OF GUJARAT

आज़ादी का अमृत महोत्सव

માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના

વરદહસ્તે

## જૂનાગઢ, ગીર-સોમનાથ અને પોરબંદરમાં ₹4155.17 કરોડના વિવિધ વિકાસ કાર્યોની જાહેરાત તથા ખાતમુહૂર્ત





**વિવિધ વિકાસ કાર્યોની જાહેરાતઃ**

ઉમરગામથી લખપત સુધી ₹2440 કરોડની કોસ્ટલ હાઇવે સ્કીમ: કોસ્ટલ હાઇવે 15 જિલ્લાઓથી પસાર થશે અને હાલના 741.04 કિલોમીટરના વિસ્તારને 10 મીટર પહોળો કરશે અને 263.10 કિલોમીટરની ખૂટતી લિંકને ઉમેરશે. આ યોજનાના નિર્માણકાર્યથી દરિયાકાંઠાના વિસ્તારમાં રોજગારીની તકો ઉત્પન્ન થશે, તથા અંતર ઘટશે, સમય અને ઇંધણની બચત થશે. દરિયાકાંઠાના ગામડાઓ અને માછીમારોને તેમની ઉપજ વેચવા માટેનું પ્લેટફોર્મ મળી રહેશે. આ યોજના પ્રવાસનને પણ વેગ આપશે અને દરિયાકાંઠાની સુરક્ષાને મજબૂત કરશે.

**વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત :**

**ઉમરગામથી લખપત કોસ્ટલ હાઈવે યોજનાનો તબક્કો-1:**

₹693 કરોડના ખર્ચે નિર્માણ પામનારો તબક્કો-1 અંદાજે 272.80 કિલોમીટરના વિસ્તાર સાથે 13 જિલ્લામાંથી પસાર થશે. 25 રસ્તાઓને 10 મીટર પહોળા કરવામાં આવશે.

**G.M.E.R.S. મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ પોરબંદરનું ખાતમુહૂર્ત**

₹546 કરોડના મૂલ્યની મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ સ્થાનિક લોકોને સસ્તી અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ પૂરી પાડશે તદુપરાંત ઘરઆંગણે યુવાધનને આરોગ્ય સંબંધિત શિક્ષણની તકો પૂરી પાડશે.

**માઢવાડ, વેરાવળ, સુત્રાપાડા, જિલ્લો - ગીર-સોમનાથ ખાતે મત્સ્ય બંદરોના વિકાસ કાર્યો**

કુલ ₹834.12 કરોડના ખર્ચે નિર્માણધિન મત્સ્ય બંદરો માછીમારો માટે વધારાની બર્થિંગ, લેન્ડિંગ, બોટ રીપેરીંગ વગેરે જેવી સુવિધાઓ પૂરી પાડશે.

**જૂનાગઢ અને પોરબંદરમાં જૂથ પાણી પુરવઠા સુધારણા યોજના હેઠળ ₹142.92 કરોડના વિવિધ કામો**

આ કામો સ્થાનિકોની વધતી જતી માંગ અને જરૂરિયાતને પહોંચી વળવા માટે પાણીની ઉપલબ્ધતા અને પુરવઠામાં વધારો કરશે.

**પોરબંદર અને ગીર-સોમનાથમાં ₹105.42 કરોડના શહેરી વિકાસના કામો**

પોરબંદર – છાયા નગરપાલિકા ખાતે ઈલેક્ટ્રોમિકેનિકલ પમ્પહાઉસ સાથેની ભૂગર્ભ ગટર યોજના તથા વેરાવળ ખાતે ફાટક નં-૧૩૦ & ૦૧ પર રેલવે ઓવરબ્રિજના બાંધકામથી લોકોની જીવનશૈલી સુધરશે અને વિસ્તારમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાને સરળ બનાવશે.

**₹74.43 કરોડના અન્ય પ્રજાલક્ષી કામોમાં જેમાં નાબાર્ડની RIDF યોજના અંતર્ગત ગોડાઉન અને અન્ય વિકાસકાર્યો તથા માધવપુર ખાતે શ્રી કૃષ્ણ રૂક્ષ્મણી યાત્રાધામના વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે.**

**પોરબંદર મત્સ્ય બંદર ખાતે ₹12.28 કરોડના ખર્ચે મેન્ટેનન્સ ડ્રેજીંગ યોજના**

